કવિતાની પંક્તિ પંક્તિએ રંક અને રાજાને દુઃખનો સમાન સામનો કરવો પડેલો તેની વાર્તાઓ ગુંથાઈ છે. કવિ ઈશારો કરે છે ભલભલાને માથે દુઃખનાં દરિયા ડોલ્યા છે. વલોપાત કરવાની જરૂર નથી. વધુ-ઓછા અંશે આ સંસારમાં સુખ અને દુઃખ તો ભોગવવાનાં જ છે.

કવિશ્રી તેજ તે અમર તથ્યને પોતાના પદ્યમાં વણી લઈ માર્મિક રીતે આપણી સમક્ષ રજુ કરે છે. જીવનમાં સુખ હોય છે ત્યારે જાણે સોનાનો સુરજ ઉગ્યો હોય તેવું અનુભવાય છે. જ્યારે દુઃખ સોનાનાં સુખની સામે પિત્તળ જેવું ભાસે છે. પિત્તળ જેવા સંજોગોથી પનારો પડ્યો હોય ત્યારે જાણે દુઃખની હેલી વરસતી હોય એમ પ્રતીત થાય છે.

માનવી પાસે કોઈ ઈલાજ નથી કે સુખ અને દુઃખનાં ચકડોળમાંથી છટકી શકે. પણ વિષમ પરિસ્થિતિમાં જો આપણે સમતા ધરીયે અને દુઃખને જીરવી જઈએ તો ક્ષિતિજ પર સુખની લહેરખીઓ દેખાય છે.

માનવીએ સુખમાં છલકી ન જવું અને દુઃખમાં નિરાશ ન થઈ જવું. કેમકે એ તો દુનિયાનો ધારો છે.

કોઈક કવિએ લખ્યું છે,

***છે જીવનની ઘટમાળ એવી,***
***દુઃખ અધિક, સુખ અલ્પથી ભરેલી...***

ઉપરનાં સંદર્ભને સાર્થક કરતો સંત કબીરનો એક દોહો યાદ આવે. જેને અનુપ જલોટાએ સુર આપ્યો છે. કદાચ એનું સ્મરણ દુઃખની માત્રા ઘટાડી શકે.

***"દુઃખ મેં સુમિરન સબ કરે, સુખ મેં કરે ન કોય***
***જો સુખ મેં સુમિરન કરે, તો દુઃખ કાહે કો હોય?"***

## આરોગ્ય પ્રકાશ : ધ સાયલૅન્ટ કિલર-હાઈ બ્લડ પ્રેશર-ડૉ. વીરચંદ લખમશી નાગડા (મુલુંડ)

હાઈ બ્લડ પ્રેશર કે હાઈપરટેન્શન અને ડાયાબિટીઝને 'સાયલન્ટ કિલર' કહે છે. કારણ કે મોટાભાગના પેશન્ટને હાઈ બી.પી. હોય છતાં એમને કાંઈ તકલીફ નથી હોતી, ફરિયાદ નથી હોતી અને એટલે એમને ખબર હોતી નથી કે એમને હાઈ બી.પી. છે. એમાનાં અમુકને લકવો, સ્ટ્રોક કે હાર્ટએટેક આવે ત્યારે જ ખબર પડે છે કે તેમને હાઈ બી.પી. છે. વ્યક્તિને ખબર ન પડે પણ આ બિમારી શરીરને અંદરથી નુકશાન કરે છે. સાયલન્ટલી મોત તરફ ધકેલે છે. આજના તાણ-ટેન્શન અને અપૌષ્ટિક, અનિયમિત ખાનપાન, બેઠાડુ જીવનને લીધે ઘણાંને નાની વયે આ બિમારી લાગુ પડે છે. એક વખત લાગુ પડ્યા પછી સાંસારીક ઉપાધિઓ, ઉંઘમાં ખલેલ, ખાવાપીવામાં બેધ્યાન રહેવાથી મોટા ભાગનાને બી.પી. નોર્મલ થતું નથી. ગોળીઓ લેવા છતાં ક્યારેક વધી જાય છે. એમ.જી.એમ. હોસ્પિટલના કાર્ડિયોલોજીસ્ટ ડૉ. કલકેકરનું કહેવું છે. ભારતીય લોકોમાં ૨૫% લોકોને હાઈ બી.પી.ની બિમારી છે અને હવે ૮ વર્ષમાં એ ૫૦% થઈ જશે. લાઈફ સ્ટાઈલને લીધે છેલ્લા ૫ વર્ષમાં હાઈ બી.પી.ના કેસોમાં ૪૦% જુવાન અને ૨૦% ટીનએજર્સ છે.

આદર્શ બી.પી. પ્રમાણ ૧૨૦/૮૦ મિ.મિ. છે. પહેલું સિસ્ટોલીક અને બીજું ડાયસ્ટોલીક કહેવાય છે. ગમે તેટલી ઉંમર હોય બી.પી. ૧૪૦/૯૦ની નીચે રહેવું જોઈએ. બી.પી. જેમ વધુ, તેમ લોહી શરીરની અંદર એટલા બધુ દબાણથી ફરે છે. જેમ બી.પી. વધુ તેમ શરીરના અવયવોને નુકશાન વધુ અને એ નુકશાન અમુક ટેસ્ટ કે એ અવયવની તપાસ પછી જ ખબર પડે છે. હાઈ બી.પી. ના દર્દીઓમાંથી ૧/૩ દર્દીને ખબર જ નથી હોતી કે એમને હાઈ બી.પી. છે, લો બી.પી. કે સમપ્રમાણ છે.

હાઈ બી.પી. આનુવંશિક હોઈ શકે. પુરૂષોને સ્ત્રીઓ કરતાં હાઈ બી.પી. ધવાની શક્યતા વધુ હોય છે. ૪૦ વર્ષના પુરૂષમાં હાઈ બી.પી.ની શક્યતા જેટલી હોય એટલી જ્યારે સ્ત્રી ૫૦ વર્ષની થાય ત્યારે હોય છે. હોરમોન્સને લીધે આ બક્ષીસ સ્ત્રીઓને મળી છે. કીડનીની અને શરીરની અમુક બિમારીઓમાં હાઈ બી.પી.ની તકલીફ થાય છે પણ મૂળ તો અયોગ્ય ખોરાક, બેઠાડુ જીવન,.જાડાપણું, બી.ડી. સીગારેટ, તમાકુ, દારૂ જેવા વ્યસન, તાણ-ટેન્શન અને અસંતોષ, ઈર્ષ્યા, ગુસ્સો વગેરે હાઈ બી.પી.ના કારણો છે. જે સુધારવા આપણાં હાથની વાત છે. ડાયાબિટીઝના દર્દીને બી.પી. વધવાની શક્યતા ખૂબ હોય છે. હાલમાં અમુક યુવાનો સ્નાયુ-બોડી ગઠ્ઠાદર બનાવવા સ્ટેરોઈડ લે છે. એનાથી બી.પી. વધે છે. કૉલેસ્ટ્રોલ વધે છે, કેન્સર અને લીવર પ્રોબ્લેમ થઈ શકે છે. વધુ પડતી કસરત પણ નુકશાનકારક છે. લોહીમાંનું હિમોસીસ્ટીન અને ખરાબ કૉલેસ્ટ્રોલનો સંબંધ લોહીની નસો કઠણ (બ્લોક) થવા સાથે છે. જે થકી બી.પી. વધે.

આ પ્રક્રિયાને 'અથિરોસ્કેલેરોસીસ' કહે છે. આ પ્રક્રિયા જેમ ઉંમર વધે તેમ વધતી જાય. આહારપર નિયંત્રણ ન હોય, વ્યાયામ, ચાલવાનો અભાવ હોય, તાણવાળું જીવન હોય, જીવનમાં અસંતોષ હોય, ઈર્ષ્યા, ગુસ્સો જેવા નેગેટીવ ઊર્જા ઉત્પન્ન કરતા પરિબળો હોય એમને લોહીની નસો કઠણ થવાની ક્રિયા વધુ ઝડપથી થાય છે.

જીવનશૈલીમાં સકારાત્મક બદલ કરી આપણે આપણી આવરદા વધારી શકતા. માનવીની ઉંમર ૩ પ્રકારની હોય છે. (૧) તારીખની રીતે (૨) શારીરિક સ્થિતિની રીતે અને (૩) માનસિક ઉંમર. તારીખની રીતે આપણે ૬૦ના હોઈએ પણ શરીરના અવયવોની સ્થિતિ પ્રમાણે ૫૦ના કે ૭૦ના પણ હોઈ શકીએ, એમજ મનથી નબળા હોઈએ, નેગેટીવ વિચારવાળા હોઈએ, ઉત્સાહનો અભાવ હોય તો ૬૦ને બદલે વધુ અથવા એનાથી ઉંધું પણ હોઈ શકે છે.

હાઈ બી.પી.ના કારણે હાર્ટએટેક જેવી હાર્ટની નસોની બિમારી, સ્ટ્રોક, હેમરેજ, હાર્ટફેલ્યોર, કિડની અને આંખની અમુક બિમારીઓ અને શરીરના છેવાડેની લોહીની નસોની બિમારીઓ થઈ શકે. સમયસર યોગ્ય સારવારથી આ બિમારીઓથી બચી શકાય. દવાઓ ઉપરાંત હવે ડૉક્ટરો માનવા લાગ્યા છે કે બીજા ઈલાજો-લાઈફ સ્ટાઈલ ચેન્જીસથી બી.પી. કન્ટ્રોલમાં રહી શકે. ખાવામાં મીઠાનું પ્રમાણ ઘટાડી, ૩૦ મીનીટ એરોબીક કસરત (દોડવું, ઝડપથી ચાલવું, તરવું, સાયકલ ચલાવવી વગેરે) કરી, સીગારેટ, બીડી, દારૂ જેવા વ્યસનથી વજન ઘડાટી, બી.પી. નીચું લાવી શકાય,. ૧૦ કિલો વજન ઘચાડવાથી આશરે ૫ થી ૨૦ મી.મી. સીસ્ટોલિક બી.પી. ઘટાડી શકાય. ઠાંસી ઠાંસીને ખાવા કરતાં ઓછું ખાવાથી ફાયદો થાય. ઓછામાં ઓછું રોજ ૧૫ મિનીટ બ્રિસ્ક વૉકિંગ કરવું. એથી બી.પી., ડાયાબિટીઝ અને જાડી વ્યક્તિઓને ફાયદો થશે.

હાઈ બી.પી.ને કાબુમાં રાખવા સરળ ઉપાયો અજમાવો. (૧) રોજ લસણની આખી ૩ થી ૪ કળી જમણ સાથે લ્યો. એને કાપવાથી, બાફવાથી, તળવાથી

એમાં રહેલ 'ઍલિસીન' નો નાશ, ફાયદો નહીં. (૨) કેફીનવાળા પદાર્થો, ચા, કૉફી, કૉલા, ચોકલેટ અને કેફીન ધરાવતી દવાઓ લેવાનું તદ્દન બંધ કરો. જંક ફુડ, પ્રોસેસ્ડ ફુડ ટાળો (૩) હાસ્યને જીવનમાં અપનાવો. હસાવે એવી ફિલ્મો, સીરીયલો જુઓ. મારામારી, ખુનખરાબાની કે રોના ધોનાવાળી ફિલ્મોને બદલે કિશોરકુમાર, મહેમુદ, ચાર્લી ચેપ્લીન, લોરેન હાર્ડી વગેરેની ફિલ્મો જુઓ. (૪) રોજ ૪ અખરોટ ખાઓ. ખોરાકમાં ઓલિવ ઓઈન ૪ ચમચી લ્યો. (૫) પેટનો ઘેરાવો ઓછો કરો. પુરૂષોમાં ૪૦ ઈંચથી ઓછો અને સ્ત્રીઓમાં ૩૫ ઈંચથી ઓછો હોવો જોઈએ. બી.એમ.આઈ. ૧૮.૫ થી ૨૩ ની વચ્ચે રહેવું જોઈએ. (૬) મૃદુભાષી બનો. મોટેથી બોલવાને બદલે ધીમે ધીમે વાત કરો. ધીમે બોલો, ઓછું બોલો, સારું બોલો. (૭) ખોરાકમાં ફાયબર વધારો. વટાણા, કોબી, મકાઈ, શક્કરીઆ, સોયાબીન, ઘઉંના કોંટા, લાલ ચોખા વગેરે ફાયબરવાળી ચીજો વધુ લ્યો. (૮) રોજ મલાઈ વગરનું દૂધ ૨ ગ્લાસ લ્યો. જેથી પુરતું કેલ્સિયમ મળે. (૯) મીઠુ આખા દિવસમાં વધુમાં વધુ ૧ ચમચી (૫ ગ્રામ) લ્યો. સાવ બંધ ન કરો. અથાણાં, પાપડ,. ફાફડા, ગાંઠીયા ધાણાની દાળ, બિસ્કીટ. ચવાણા બંધ કરો. (૧૦) વિટામીન 'સી' વાળા નારંગી, મોસંબી, કોબી, આમળા, જામફળ, લીલા મરી, ટમેટા, સ્ટ્રોબેરી, કેરી, લીંબુ લ્યો. (૧૧) પોટેશ્યમ ધરાવતાં બટેટા, શક્કરીયા, કેળા, અખરોડ, મલાઈ વગરનું દુધ, નારંગી ટેટી, તરબુચ લ્યો. (૧૨) મનને શાંત રાખવા સવાસન, મેડીટેશન, પાર્થના, સામાયિક કરો. સંગીત સાંભળો, વાંજિત્ર વગાડી શકતા હોય તો વગાડો. સ્ટ્રેસ વધે એવું કાંઈ ન કરો. (૧૩) પ્રવૃત્તિમાં રહો પણ અતિ પ્રવૃત્તિ નુકશાનકારક. રીલેક્સ થતાં પણ શીખો. ક્રોધ, ચિંતા, અસંતોષ ઈર્ષ્યા વગેરેથી દૂર રહો. (૧૪) રોજ કસરત કરો. ફુલો, લીલી હરીયાળી હોય એવા બગીચામાં રોજ અડધો કલાક સવાર કે સાંજ ફરવા જાઓ. (૧૫) હસમુખા મિત્રો, સગાઓને મળો. જોક્સ, હાસ્ય-વ્યંગ કાવ્યો, શાયરીનો શોખ કેળવો. (૧૬) ૭-૮ કલાકની પૂરતી શાંત ઉંઘ લ્યો.

દુધ પીવાથી કેલ્સીયમ, પોટેશ્યમ, મેગ્નેશીયમ અને વિટામીન 'ડી' મળે. મલાઈ વગરનું દૂધ હદય અને લોહીની નશો ની બિમારીનું જોખમ ઘટાડે. રોજનાં કેળા ખાવાથી હાઈ બી.પી.માં ૧૦% નો ઘટાડો થાય છે એમ મનીપાલની કસ્તુરબા મેડીકલ કોલેજના રીસર્ચરોની પ્રયોગોથી બતાવ્યું. સ્પીનેચમાં ફોલેટ, પોટેશ્યમ મેગ્નેશીયમ, હાઈ ફાયબર હોવાથી અને કેલેરી ઓછી હોવાથી હાઈ બી.પી. અને હાર્ટના પેશન્ટને ફાયદો થાય છે. જનરલ ઓફ અમેરિકન મેડીકલ એસોસિએશનના અભ્યાસમાં જણાયું કે ૧ ઔંસથી ઓછી ડાર્ક ચોકલેટ ખાવાથી વજન નથી વધતું અને બી.પી. ઓછું રહે છે. (યાદ રહે ડાર્ક ચોકલેટ જ ફાયદો કરે, એમાં કોકો વધુ હોય છે. ( ઈંગ્લેંડના ૧ અભ્યાસમાં જણાયુ કે જે વોલીંટીયર્સે બીટનું જ્યુસ પીધું એમના બી.પી.માં એક કલાકમાં ઘટાડો નોંધાયો. બાર્સીલોના યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ ૩૯૯૫ લોકો ૫૨ સ્પેનીસ ડીશ ગઝપાચોના (ટમેટા, કાકડી, લસણ અને ઓલીવ ઓઈલનું સુપ) પ્રયોગ કર્યા અને શોધ્યું કે રોજ ૧ વાટકો આ સુપ પીવાથી હાઈ બી.પી.મા ઘટાડો થાય છે. રોજ આ સુપ પીવાથી બી.પી. લાગુ પડવાનું રીસ્ક ૨૭% ઘટી જાય છે.

અમેરિકન હાર્ટ એસોસિએશનને ૨૦૦૦ કરતાં વધુ વોલિંટીયર્સ પર ૧૫ વર્ષના અભ્યાસમાં જણાયું કે ૬ ઔંસ લોફેટ યોગર્ટ દર ત્રીજા દિવસે ખાનાર ૩૧% ને બીપી ઓછું થયું હતું. બાકીનાનું બી.પી. વધુ હતું. યોગર્ટ આપણા દહીંની બરાબર છે. મલાઈ વગરના દુધને જમાવી રોજ દહીં ખાઓ અને મસ્ત રહો. સંત્રા, ડાંગર યલોકેરેટમાં અલ્ફા કેરોટીન, બિટા કેરોટીન, હેસ્પરીડીન અને પોટેશ્યમ, ક્રોમિયમ જેવા ખનિજો હોવાથી તે હાઈ બી.પી. માં ફાયદો કરે છે. ફ્રાન્સની વિદ્યાપીઠના


**SUN developers**

Reg.No. GUJ/RJT/66795
www.sundevlopers.co.in

**સનસીટી-૨**

**વીસમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન નં. | ઈનામ | મેમ્બરનું નામ |
|---|---|---|
| 1335 | ટાટા નેનો કાર | આદિલ અમિતભાઈ મુલતાની |

(૨. કોમ્પ્યુટર) : 1804 (૩. હેન્ડીકેમ) : 303 (૪. ફ્રિઝ) : 840
(૫. આટા મેકર ) : 1072

**!! આશ્વાસન ઈનામો !!**

(૧ ફ્રીઝ) : 91 (૨. ટી.વી.) : 802 (૩. વોશીંગ મશીન) : 931
(૪ થી ૫ ઓવન) : 1680, 5410 (૬થી૧૦ ડીવીડી પ્લેયર) : 738, 40, 1477, 440, 1063
(૧૧ થી ૧૫ મિક્ચર જ્યુસર) : 205, 227, 664, 1176, 1080
(૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : 955, 1885, 1737, 106, 2115, 1621, 26, 167, 1400, 1506
(૨૬ થી ૩૫ તવા સેટ ) : 423, 1648, 1260, 1351, 1474, 1982, 676, 1127, 1550, 639
(૩૬ થી ૪૫ મોબાઈલ કવર) : 1442, 160, 1057, 1685, 1064, 2139, 641, 1053, 460, 1397
(૪૬ થી ૬૫ મિક્ચર ગ્રાઈન્ડર) : 1784, 2138, 116, 284, 2007, 1433, 673, 331, 1157, 356, 1408, 716, 1602, 1868, 275, 1104, 558, 82, 997, 974
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર ) : 1515, 1879, 2051,769, 188, 1532, 1463, 1931, 2087, 252, 1609, 1126, 937, 1658, 1185

**આગામી મીટીંગ તા. ૫.૩.૧૩ના સાંજે ૪ કલાકે રાખેલ છે**

ભુલચુક ક્ષમ્ય છે-આઈટમ ઓફિસેથી મેળવી લેવી.

www.Sundevlopers.co.in
સૌજન્ય : ભલારાદાદા એસ્ટેટ એજન્સી-ગાંધીધામ

વૈજ્ઞાનિકોએ પ્રયોગો કરી સિધ્ધ કર્યું છે કે રોજ સંત્રાના ૨ ગ્લાસ રસ પીવાથી હાઈ બી.પી. માં ખૂબ જ ઘટાડો થાય છે. અને હાર્ટએટેકની શક્યતા ૧ મહિનામાં ૨૦% ઘટે છે. વૈજ્ઞાનિકોને જણાયું કે શુધ્ધ, સારી ભાવનાથી કુટુંબના સભ્યો, મિત્ર, સગાવહાલાને મળવાથી ભેટવાથી શરીરમાં 'ઓક્સિટોસિન' નામનું હારમોન લોહીમાં ઝરે છે જે બી.પી. ઘટાડે છે. ટેન્શન ઘટાડે છે અને યાદશક્તિ વધારે છે. ઓળખાણ વગરના કે સામેની વ્યક્તિની ઈચ્છા વિરુદ્ધ ભેટવાથી આ અસર થતી નથી.

'ટીનએજર' માં પણ જંકફુડ, બેઠાડુ જીવનને લીધે જાડાપણું, હાઈ બીપી. હાઈ કોલેસ્ટ્રોલ વગેરે દેખાવા લાગ્યા છે. એમને આ બિમારીઓથી બચાવવા જમવાના, નાસ્તાના ચોક્કસ ટાઈમ રાખો. બાળકના ભૂખના ચિન્હો-સિગ્નલ્સ જાણો અને જબરદસ્તીથી ન ખવડાવો. ભૂખ લાગે ત્યારે ખાવા આપો. ફ્રિજમાં કે ઘરમાં જંકફુડ, પ્રોસેસ ફુડને બદલે ફ્રુટ, શાકભાજી વધુ રાખો. એમની સાથે આપણે પણ સારૂ, પૌષ્ટિક ઘરના જમણ-નાસ્તો કરીએ. સતત નવા, સારા પૌષ્ટિક વ્યંજન બનાવી એમને ખવડાવો. બાળકને બ્રિસ્ક વૉક પર લઈ જાઓ. બહારની રમતગમતમાં ભાગ લેવા પ્રોત્સાહન આપો. યોગ, કસરતની આદત નાનપણથી જ પાડો.

આજે હાઈ બી.પી. જેવી બિમારીઓ વધી છે એનું કારણ અયોગ્ય ખોરાક, બેઠાડુ જીવન તો છેજ પણ એનાં કરતાં પણ વધુ તો આપણા મનમાં રહેલ ચિંતા, તાણ, અસંતોષ, અશાંતિ તો ક્યારેક કોઈના તરફ ગુસ્સો, નફરત, ઈર્ષ્યા કારણભૂત છે. સામાન્ય લોકો અને મોટાભાગના ડૉક્ટર પણ ઘી-તેલ, કોલેસ્ટ્રોલ, બી.એમ.આઈ. પેટના ઘેરાવા પર વધુ ધ્યાન આપે છે. અને આ મહત્ત્વના પરીબળો જે શરીરને વધુ નુકશાન કરે છે. તે ભૂલી જાય છે.

અસંતોષ, ઈર્ષ્યા, ગુસ્સો, નફરત, ઘૃણા જેવા નેગેટીવ ઊર્જાવાળા પરીબળોથી દૂર રહો. જે વ્યક્તિ આ પરિબળોથી દૂર હશે, સંતોષી અને ખુશિમજાજ હશે પછી ભલેને એ વ્યક્તિ જાડી હોય. બિમારી એનાથી દૂર રહેશે અને અસંતોષ, ઈર્ષ્યા, ગુસ્સો વગેરે શરીરને નુકશાન કરતા પરીબળો ધરાવતી પાતળી વ્યક્તિને પણ હાઈ બી.પી., હૃદયરોગ જેવી બિમારી મોડી, વહેલી લાગુ પડશે. સંતોષી, ખુશમિજાજી બનીએ, જે સ્થિતિમાં હોઈએ સમાધાનથી જીવીએ. મહાવીરસ્વામી પણ કહી ગયા છે કે સ્વીકાર કરો, પ્રતિકાર નહીં. બીજાને નડ્યા વગર નિજાનંદમાં મસ્ત રહો અને હાઈ બી.પી. જેવી બિમારીઓથી દૂર રહો.

જીવનશૈલી બદલો અને સુખ-સ્વાસ્થ્ય પામો.


**શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ**

૩૦૯/૩૧૧ નરશી નાથા સ્ટ્રીટ,
ખારેકબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.

**જોઈએ છે**

ટ્રસ્ટને નીચે મુજબની જગ્યાઓ માટે યોગ્ય માણસ જોઈએ છે. ઉમેદવારે પોતાનો અનુભવ, ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અપેક્ષિત પગાર વગેરે વિગતસહ ઉપરોક્ત સરનામે ટ્રસ્ટીઓને અરજી કરી જણાવવું. રહેવાની સગવડ આપવામાં આવશે. જ્ઞાતિજનને પ્રથમ પસંદગી.

(૧) **મેનેજર-શેઠ નરશી નાથા જૈન દેરાસર-નલીઆ માટે**

(૨) **સહાયક મેનેજ-શેઠ નરશી નાથા ધર્મશાળા-પાલીતાણા માટે**

**SUN developers**
Reg.No. GUJ/RJT/66795
www.sundevlopers.co.in

**સનસીટી-૩**

**૧૫મી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન નં. | ઈનામ | મેમ્બરનું નામ |
|---|---|---|
| 1482 | ટાટા નેનો કાર | ઝરના નરેન્દ્ર ગંગવાની-મુંબઈ દેવરાજ પટેલ |

(૨. કોમ્પ્યુટર) : 1646 (૩. હેન્ડીકેમ) : 569 (૪. ફ્રિઝ) : 645
(૫. આટા મેકર ) : 1605

**!! આશ્વાસન ઈનામો !!**

(૧. ફ્રીઝ) : 1043 (૨. ટી.વી.) : 1697 (૩. વોશીંગ મશીન) : 712
(૪ થી ૫ ઓવન)) : 155, 1865
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : 388, 347, 2047, 1529, 1403
(૧૧ થી ૧૫ મિક્ચર જ્યુસર) : 1261, 1820, 1704, 441, 1214
(૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : 260, 1796, 922, 1356, 1110, 442, 1457, 1039, 765, 75
(૨૬ થી ૩૫ તવા સેટ ) : 1950, 744, 1638, 703, 127, 1184, 1298, 1916, 1682, 1062
(૩૬ થી ૪૫ મોબાઈલ કવર) : 1604, 545, 738, 1574, 229, 70, 1818, 1066, 1447, 298
(૪૬ થી ૬૫ મિક્ચર ગ્રાઈન્ડર) : 59, 1176, 63, 1701, 82, 382, 1773, 578, 1202, 1544, 1495, 976, 509, 381, 228, 1237, 452, 953, 1800, 126
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર ) : 323, 190, 741, 1713, 1822, 527, 1313, 18, 498, 838, 1760, 485, 154, 62, 1515

**સોળમી મિટિંગ તા. ૧૪.૩.૧૩ના રોજ રાખેલ છે**
ભુલચુક ક્ષમ્ય છે-આઈટમ ઓફિસેથી મેળવી લેવી.

૧૧૪, ધવલ કોમર્શિયલ, છઠ્ઠીબારી રીંગરોડ, ભુજ. મો. **99096 47953**
સૌજન્ય : ભલારાદાદા એસ્ટેટ એજન્સી-ગાંધીધામ

## ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૨૧.૩.૧૯૩૯

અરિહંતશરણ
૧૨.૨.૨૦૧૩

### સ્વ. શ્રી ચિમનલાલ દામજી મોમાયા

(બારોઈ-સેંધવા) ઉ.વ. ૭૪
(ચક્ષુદાન કરેલ છે)

તેઓશ્રી સેંધવા, ગોએરસમા અને બારોઈ દેરાસર બનાવવા પાયાથી (ફાઉન્ડર) મહામુલા યોગદાન સાથે જોડાયેલ. સેંધવામાં મુળનાયક શ્રી આદિનાથ ભગવાન અને બારોઈમાં મુળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ લીધેલ. રાપરમાં મુળનાયક શ્રી ગોડીયાજી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ શ્રી દામજીભાઈ કુંવરજી મૈશેરી સાથે લીધેલ. ઓમકારગીરી (ઈન્દોર)માં શ્રી પંચાંગલી દેવીની પ્રતિષ્ઠાનો લાભ લીધેલ. સેંધવામાં કાયમી ધજાના લાભાર્થી છે. સેંધવા તથા બારોઈના ઉપાશ્રયના દાતા બનવાનો લાભ લીધેલ. પારોલામાં અતિથીગૃહ તેમજ આયંબિલ ખાતામાં રૂમનો લાભ લીધેલ. ગદગમાં શ્રી કે.ડી.ઓ. જૈન ઈંગલીશ મીડીયમ હાઈસ્કુલના બાંધકામમાં વિંગના દાતા બનવાનો લાભ લીધેલ. પૂ.સા.શ્રી ગુલાબશ્રીજી મ.સા. અને પૂ.સા. શ્રી કલ્પગુણાશ્રીજીમ.સા. (સંસાર પક્ષે સાળી)ના સાનિધ્યમાં અનેકાનેક ધર્મના કાર્યો કર્યા. વૈયાવચ્છમાં પણ હંમેશ અગ્રેસર રહ્યા. સેંધવા, ગોએરસમા, બારોઈમાં પદવી સાથે મહાજન એવમ ટ્રસ્ટમાં અમુલ્ય સેવા આપી. ઉ.ભારત એકમ એવમ બીજી અનેક સંસ્થાઓમાં પણ સેરા આપી. સાંયરામા શ્રી મોમાઈ માતાજીના મંદિર માટે પણ મહત્ત્વનું યોગદાન આપેલ, ખરગોન અને બડવાનીના ડીસ્ટ્રીક્ટ કેમીસ્ટ એસોશીએશનના પ્રેસીડેન્ટની પદવી શોભાવેલ. લાયન્સ ક્લબમાં પ્રેસીડેન્ટ હતા ત્યારે ગોલ્ડમેડલ મેળવેલ, એ કાર્યકાલ દરમ્યાન ઈંગ્લીશ સ્કુલ પણ ચાલુ કરાવેલ. પોતાના કાવ્યસાગરમાંથી ''પ્રકાશ-સમીક્ષા' અને 'પાંજો પ્રતિબિંબ' તેમજ બીજા માસિક અંકો દ્વારા સૌને રસપાન કરાવતા રહેલ. મુંબઈ મહાજને યોજેલ સમુહલગ્નમાં પણ તેમણે અમુલ્ય લાભો લીધેલ. એવા નાના મોટા સેવાના ઘણાંય લાભો લીધેલ. જેથી એમને દાનવીરનું બીરૂદ પણ પ્રાપ્ત થયેલ.

એવા મુરબ્બી વડીલ શ્રી ચિમનલાલ દામજી મોમાયાનું સેંધવા મુકામે નિધન થતા સમાજે એક સનિષ્ઠ કાર્યકર, માર્ગદર્શક, દાનવીર, ઉદારદિલ શ્રેષ્ઠીવર્ય ગુમાવ્યા છે. સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અને પરિવારને સાંત્વના મળે એવી પ્રભુપ્રાર્થના, દિવંગત આત્માને સકળ સંઘની ભાવભીની શ્રદ્ધાંજલિ.

-: પ્રાર્થયિતા :-

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ**
**તેના ટ્રસ્ટીઓ પદાધિકારીઓ તેમજ કારોબારી સભ્યો**
**પ્રમુખ-શ્રી પિયુષ ચંદુલાલ ડાઘા**

# શ્રદ્ધાંજલિ

જન્મ
૧૬.૩.૧૯૪૨



અરિહંતશરણ
૧૩.૨.૨૦૧૩

**સ્વ. સરલાબેન જયચંદ રતનશી લાપસીઆ**

(દલતુંગી - ચેકનાકા મુલુંડ)

***રડી પડે છે આંખો અમારી, જોઈને તસ્વીર તમારી,***
***મન માનવા તૈયાર નથી કે આપ અમારી સાથે નથી. સહુના દિલમાં જેમનું સ્થાન છે,***
***એવા પાવનકારી આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...***

**-: શોકાતુર :-**

| | | |
|---|---|---|
| પતિ | : | **જયચંદ રતનશી વિરજી લાપસીયા** |
| માતા-પિતા | : | **લાખબાઈ કુંવરજી ભીમશી લોડાયા** (સાંયરા) |
| ભાઈ-ભાભી | : | **ગં.સ્વ. દમયંતિ રતનશી કુંવરજી લોડાયા** |
| | : | **સૌ. હેમલતા વિસનજી કુંવરજી લોડાયા** |
| | : | **સૌ. ભારતી તિલકચંદ કુંવરજી લોડાયા** |
| બેન-બનેવી | : | **સ્વ.નવલબેન રાયચંદ કુંવરજી મોમાયા** (સાંયરા) |
| સાસુ-સસરા | : | **સ્વ.લખમીબાઈ રતનશી વિરજી લાપસીયા** (દલતુંગી) |
| | : | **સ્વ.મોંઘીબાઈ લક્ષ્મીચંદ વિરજી લાપસીયા** (દલતુંગી) |
| જેઠ-જેઠાણી | : | **સ્વ.મેનાબેન પદમશી લાપસીયા** |
| | : | **ગં.સ્વ. કસ્તુરબાઈ શરદ લાપસીયા** |
| | : | **સ્વ. મીનાબેન કાંતિલાલ લાપસીયા** |
| પુત્ર | : | **જ્ઞાનેશ જયચંદ લાપસીયા** |
| પૌત્ર | : | **કેયુર જ્ઞાનેશ જયચંદ લાપસીયા** |

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## નલિયાવાસી જ્ઞાતિજનોનું સ્નેહમિલન

શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળના ઉપક્રમે સ્નેહમિલન-૨૦૧૩ ડોંબિવલીનાં હોરીઝોન હોલમાં યોજાયું જેમાં વિવિધ સ્થળેથી નલિયાગામવાસીઓ તથા નિયાણીબહેનો ૭૦૦ થી વધુ જણાં પધારેલ.

સમારોહ પ્રમુખપદે માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા તથા અતિથીવિશેષપદે શ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલા પધારેલ. નલિયા મહાજનશ્રી, શેઠશ્રી નરશી નાથા ટ્રસ્ટ, શ્રી ચંદ્રપ્રભ અતિથીગૃહ ટ્રસ્ટ, નલીનપૂર નારી નિગમના પ્રતિનિધીઓ, અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સમીર નાગડા, ડોંબીવલી મિત્ર મંડળ વતી શ્રી વીરેન્દ્ર લોડાયા મંચ પર બિરાજમાન થયેલ.

ડોંબિવલી મિત્ર મંડળ વતી શ્રી વિરેન્દ્ર લોડાયાએ સર્વે નલીયા ગામવાસીઓ તથા નિયાણીબહેનોને આવકાર આપેલ. તથા ગામની પ્રગતિ માટે ગામની દરેક સંસ્થા અને પદાધિકારીઓ એક મંચ ઉપર એકત્ર આવી સુંદર પ્રવૃત્તિઓ કરે તેમ આહ્‌વાન કરેલ. આ સ્નેહમિલન માટે વિવિધ દાતાશ્રીઓ દ્વારા આવેલ ઉદાર સહયોગથી તથા મિત્રમંડળના દરેક સભ્યોની મહેનતથી આ સ્નેહમિલન સફળ રહ્યો.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-અમદાવાદ

અમદાવાદ મહાજનશ્રીના ઉપક્રમે ૧૧મા વર્ષીતપના આરાધક પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા. તથા પૂ.મુનિશ્રી કલ્પતરૂસાગરજી મ.સા. તથા પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા.ની નિશ્રામાં શ્રી પદમાવતી દેવી મહાપૂજનનું તા. ૩.૨.૧૩ના ભણાવાયેલ.

આ મહાપૂજનમાં બેસવાનો લાભ ૩૭ પરિવારોએ લીધેલ. તેમજ શાસ્ત્રોક્ત સિદ્ધ કરેલ "શ્રી યંત્ર" નો લાભ ૯૦ પરિવારોએ લીધેલ.

શ્રી હાર્દિકભાઈ શાહ અને સાથીદારોએ સંગીતસહ ભાવપુર્વક પુજન ભણાવેલ.

વસુંધરા કુંભ ભરવાનો અને પધરાવવાનો લાભ માતુશ્રી રાજબાઈ કેશવજી મોમાયા પરિવાર (વરાડિયા) એ લીધેલ. માતાજીને વસ્ત્ર અને આભૂષણ અર્પણ કરવાનો લાભ માતુશ્રી કાંતાબેન ઠાકરશી લોડાયા પરિવાર (પરજાઉ) એ લીધેલ. તેમજ આરતીનો લાભ શ્રીમતી વિજયાબેન મહેન્દ્ર ખોના પરિવાર (આરિખાણા) એ લીધેલ.

મહાપૂજન બાદ સર્વે જ્ઞાતિજનોએ મહાપ્રસાદનો લાભ લીધેલ. કાર્યક્રમને સફળ બનાવવા ક.દ.ઓ. મહિલા મંચ અને યુથ ફોરમના સભ્યોનો સુંદર જહેમત લઈ સફળ બનાવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ-વડોદરા

મંડળ દ્વારા લીલી મકાઈની વિવિધ વાનગી હરીફાઈ તા. ૧૬.૨.૧૩ના કે.ડી.ઓ. ભવનમાં રાખવામાં આવેલ. હરીફાઈમાં ખુશ્બુ પોલડીયા, મીના ધુલ્લા, રાજુલ મોમાયા, રૂપલ લોડાયા વિજેતા થયેલ. દરેક વિજેતાઓને વેરીઅન્ટ કુકીંગ ક્લાસીસ તરફથી ઈનામ આપવામાં આવેલ.

વર્ષાબેન પટેલે લીલી મકાઈની વાનગીનું ડેમોસ્ટ્રેશન બતાવેલ. નિર્ણાયક તરીકે રૂપલબેન શાહ પધારેલ. સારી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો.

## વડોદરામાં શ્રી સચ્ચામાની સમૂહ પહેડી

શ્રી સચ્ચામાના ભાવિક પરિવારો અત્રે છેલ્લા ૧૯ વર્ષથી સળંગ સચ્ચામાની સમૂહ પહેડી યોજે છે. આ વર્ષે માની ૨૦મી સમૂહ પહેડી તા. ૧૭.૨.૧૩ના ઉજવાઈ. સમૂહ પહેડીનો લાભ માતુશ્રી કેશરબાઈ મુલજી ગડા પરિવાર (ભૂજપુર) હસ્તે અરવિંદ ગડા (વડોદરા) એ લીધેલ. સવારના ૧૦ કલાકે પૂ. માતાજીની ભવ્ય શોભાયાત્રા વાજતે ગાજતે નીકળી. અચલગચ્છ ભવનમાં પધરામણી થઈ. સ્થાપના બાદ માતાજીની ભક્તિ ધુન જમાવવામાં આવી.

દાતા પરિવારના હસ્તે પૂ. માતાજીને શ્રીફળ તથા જુહાર ધરાવ્યા બાદ પહેડીના દાતા અરવિંદ મુલજી ગડાનું 'મા'ના ભાવિકોવતી અચલગચ્છના પ્રમુખ વલ્લભજી સાવલાએ તીલકથી, કુલીનકાંત કારાણીએ હારથી, હસમુખ ગડાએ શ્રીફળથી તથા રામભાઈ ગડાએ શાલથી બહુમાન કર્યુ. ૧૨-૩૯ વાગે માતાજીની આરતી થઈ. અને તે પછી ભાવિકો ગરમા રમ્યા.

પૂ. માતાજીની ધુન તથા ગરબામાં શ્રીમતી આરતી સાવલા એન્ડ પાર્ટીએ રમઝટ જમાવેલ. પૂ.ભોઈમા શ્રીમતી લીલાવંતીબેન ગડાની હાજરી રહી. દાતા પરિવાર તરફથી પહેડીમાં પધારેલ નિયાણી બહેનોને પુજાની વાટકીની પ્રભાવના થઈ. કુલ ૫૦૦ની સંખ્યામાં ભાવિકો તથા નિયાણી બહેનો પહેડી-પ્રસાદ તથા સાધર્મિક ભક્તિનો લાભ લીધો. પહેડીનું સંચાલન કિશોર ધુલ્લા, ધનજી ગડા, ખુશાલ ગડા, હસમુખ ગડા તથા દિલીપ ગડાએ કર્યું.

## શ્રી મહારાષ્ટ્ર એકમ મહિલામંચ-ધુલિયા

મંચની સભા તા. ૧૪.૧.૧૩ના સૌ. ભાવનાબેન તેલેષ ભાટેના નિવાસસ્થાને પ્રમુખ સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાના પ્રમુખપદે મળેલ. નવકારમંત્રથી શરૂઆત થઈ. સૌ. ભાવનાબેને સૌનું સ્વાગત કરેલ. મકરસંક્રાંત નિમિત્તે શુભેચ્છા સાથે સૌને તિલગુડ આપેલ.

સૌ. પ્રેરણાબેન વરુણ ભાટેએ પાર્લે બિસ્કીટમાંથી કેક બનાવવાનું શીખવેલ. અર્ધા કલાકમાં ખૂબજ સુંદર રીતે કેક બનાવતાં શીખવેલ. મહિલામંચના આગામી કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવેલ. બાદમાં સૌ. ભાવનાબેને એક મિનિટ ગેમ રમાડેલ. જેમાં એક ફુગ્ગો ફુલાવીને તેની ઉપર પોતાનું નામ સૌથી વધારે વખત લખવાની ગેમમાં પ્રથમ સૌ. લતાબેન જયંત દંડ તથા દ્વિતીય સૌ. લીનાબેન મયુર મોમાયા વિજેતા થયા. સરપ્રાઈઝ ગેમમાં સૌ. દર્શનાબેન મધુસુદન દંડને ઈનામ મળેલ. વિજેતાઓને સૌ. ભાવનાબેન તરફથી સૌ. ચેતનાબેન જયેશ ભાટેના હસ્તે ઈનામ આપવામાં આવેલ.

શ્રીમતી હિરાવંતીબેન મણિલાલ લોડાયા તરફથી તેમના જન્મદિવસ પ્રસંગે રૂા. ૫૧ તથા સૌ. શીતલબેન પરેશ ભાટેના લગ્નતિથિ પ્રસંગે રૂા.૧૦૧ મહિલા મંચને ભેટ મળેલ. અંતે પાર્લે બિસ્કીટ કેક તથા કૉફીનો આસ્વાદ માણી સહુ છૂટા પડેલ.

## શ્રી પારોલા ક.દ.ઓ. સંઘ

પારોલાતીર્થમાં શ્રી શાંતિનાથદાદાનો સંતિકરણ (અભિષેક) પૂ.મુનિ શ્રી દેવરત્નસાગરજી મ.સા.ની પ્રેરણાથી દર માસના પ્રથમ દિવસે થાય છે. મહા માસના મુમુક્ષુ કુ. ઉર્વીબેન વિપુલ ડાઘાની દિક્ષા નિમિત્તે શા. દેવશી કચરાભાઈ ડાઘા સમસ્ત પરિવાર (ગોએરસમા) તરફથી હતું. તેમજ વરસીદાનનો વરઘોડો પારોલાસંઘ તરફથી કાઢવામાં આવેલ. જેમાં ખાનદેશ નિવાસી જ્ઞાતિ ભાઈ-બહેનોની સારી સંખ્યામાં પધારેલ. ત્યારબાદ વ્યાખ્યાન હૉલમાં શા. સોમચંદ ભાણજી લાલકા (અમલનેર)ના પ્રમુખપદે સામુહીક અનુમોદના થયેલ જેમાં ખાનદેશના સાત મહાજનના પ્રતિનિધિઓની હાજરી હતી. મુમુક્ષુ કુ. ઉર્વીબેનનું બહુમાન સંઘવતી શ્રી સોમચંદભાઈ લાલકાના હસ્તે કરવામાં આવેલ. તેમજ મુમુક્ષુના માતાપિતાનું સત્કાર કરવામાં આવેલ. બહારગામથી પધારેલ મહાજનશ્રીઓના પ્રતિનિધીઓએ બહુમાન કરેલ. સંપુર્ણ દિવસની સાધાર્મિક ભક્તિ અને પ્રભાવના શા. દેવશી કચરાભાઈ ડાઘા સમસ્ત પરિવાર તરફથી થયેલ. તેમજ સંઘપુજન શા. ઠાકરશી રણશી ગોસર પરિવાર (ધુલિયા) તરફથી કરવામાં આવેલ.

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

સંઘ દ્વારા તા. ૧૦.૨.૧૩ના ગુરુકુલ હોલ, ઘાટકોપરમાં બપોરે ૨ વાગે UDAAN...AWAKEN THE HERO WITHIN" નામે Motivational કાર્યક્રમ થયેલ.

પ્રમુખશ્રી અનુજ ગીરીશ લોડાયા અને શ્રીમતી પોલોમીબેન યોગેશ ધરમશી દ્વારા દિપ પ્રજ્વલીત થયું. ત્યારબાદ શ્રી શિવજીભાઈ વિકમશી, શ્રી ચેતનભાઈ મોતા તથા શ્રી છત્રપતીભાઈ દંડે પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. વિદ્યાર્થીસંઘ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિય રહી વિકાસ કરે એવી શુભેચ્છા આપી. શ્રી વિરેન્દ્રભાઈ લોડાયા અતિથીવિશેષ તરીકે પધારેલ. તરન્નમ દોબરીચાલ દ્વારા મંચ સંભાળવામાં આવેલ. તેમણે Motivational lecture, Stress Management, Increase Mind Power જેવા વિષયો પર માર્ગદર્શન કર્યું. કાર્યક્રમમાં ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

કાર્યક્રમના દાતા શ્રી રાયચંદભાઈ ધરમશી હતા. તેમજ શ્રી હેમાંગ રાયચંદ ધરમશી અને શ્રી તિલેશ શાંતિલાલ મૈશેરીએ સહકાર્ય કરેલ.

આનંદ અને ઉત્સાહ સાથે ઉપયોગી કાર્યક્રમ સંપન્ન થયેલ અને ભોજન કરી સહુ છુટા પડયા.

વિદ્યાર્થીસંઘ દ્વારા તા. ૧૭.૩.૧૩ના શેઠ શ્રી નરશી નાથા એ.સી. બેન્કવેટ હોલ (ભાંડુપ)માં બપોરે ૨.૩૦ વાગ્યાથી "Flying Wings... Towards Perfect Naari..." કાર્યક્રમ યોજાયેલ છે.

વિશ્વ મહિલા દિન નિમિત્તે Women Impowerment ના આ કાર્યક્રમમાં ફુડ એન્ડ ન્યુટ્રીશિયન-શ્રીમતી પુજા દેઢીયા, લાઈફ સ્ટાઈલ મેનેજમેન્ટ-શ્રીમતી સ્મિતા છેડા, મોટીવેશનલ એન્ડ એમપાવરમેન્ટ-શ્રીમતી ચેતના ગાલા દ્વારા ત્યારબાદ 'કચ્છડો જાધ કરીયું'માં અસલ દાંડીયા, મટુકડી, ઢોલ સંઘ અને ધમાલ છે. વિવિધ રમતોમાં બેસ્ટ ડ્રેસ, બેસ્ટ ગરબા, બેસ્ટ ઢોલ રાંધ, બેસ્ટ મટુકડી હરીફાઈઓ રાખેલ છે.




ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

કાર્યક્રમના મુખ્ય દાતાઓ માતુશ્રી ધનબાઈ કલ્યાણજી ભેદા પરિવાર, માતુશ્રી નવલબેન નવિનચંદ્ર ધરમશી પરિવાર છે. શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર, તેમજ લાઈફસ્ટાઈલ મેનેજમેન્ટના સહયોગી દાતા માતુશ્રી ચંપાબાઈ હંસરાજ ડાઘા અને માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર છે.

કાર્યક્રમના અતિથી વિશેષો : શ્રીમતી એકતાબેન નયન ભેદા (વારાપધર), શ્રીમતી હસુમતીબેન હીરાલાલ ડાઘા (વરાડીયા-માટુંગા), શ્રીમતી કવિતાબેન કલ્પેશ ધરમશી (સુથરી-માટુંગા), શ્રીમતી દમયંતીબેન ચાંપશી શાહ (સાંધવ-ઘાટકોપર), શ્રીમતી હર્ષાબેન હેમાંગ ધરમશી (સુથરી-વરલી).

વધુ માહિતી માટે સંપર્ક : ઉર્વી નિરેન લોડાયા-9757422880, લીનાબેન હીતેન લોડાયા-9769411010, ધર્મીતા કિરીટ લોડાયા-9819462131, માસુમી હરીશ સાયલા-9167937167, તેજલ ખીરેશ ધ્રોળ-9323767399

## સુજાપર તીર્થે વર્ષગાંઠ ધ્વજા ઉજવણી

સુજાપુર તીર્થે ચતુર્વિધ સંઘની હાજરીમાં તા. ૧૫.૨.૧૩ તથા ૧૬.૨.૧૩ના જિનાલય ધ્વજા ઉત્સવ ઉજવાયેલ. પૂ.મુનિ. કંચનસાગરજી મ.સા. તથા પૂ.સા.શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.એ નિશ્રા આપેલ. ૧૫.૨.૧૩ના અઢાર અભિષેક વિધિકાર કેવલભાઈ સાવલાના સાથી ગોરાંગભાઈએ કરાવેલ. શાંતિકળશનો લાભ પુષ્પાબેન પ્રવિણ છેડાએ લીધેલ. રાત્રે ૧૦૮ દિવાની આરતી થયેલ. સંગીતકાર મીરની પાર્ટીએ ભાવના તથા રાસુડાની રમઝટ કરાવેલ. તા. ૧૬.૨.૧૩ના સતરભેદી પુજા તથા ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી પ્રેમીલાબેન લક્ષ્મીચંદ છેડા પરિવારે લીધેલ. બન્ને દિવસની સ્વામીભક્તિનો લાભ શ્રી જેતશી જીવરાજ છેડા પરિવારે લીધેલ. શ્રી હીરાચંદ વશનજી શાહ, લેરીન વર્ધમાન ખોના તથા હંસકુમાર લક્ષ્મીચંદ છેડા પરિવારે દરેક વર્ષગાંઠમાં હાજરી આપે છે.

## 'અચો મુંજે દેશ' - કચ્છ ગાઈડ

'કચ્છ અર્પણ' દ્વારા પ્રકાશિત 'અચો મુંજે દેશ' પુસ્તિકાનો ઉદ્દેશ કચ્છની મુલાકાત લેતા પ્રવાસીઓને કચ્છ જિલ્લાનાં ઐતિહાસિક, ધાર્મિક તથા નૈસર્ગિક સ્થળોથી પરિચિત કરાવવાનો છે. આ માટે દરેક તાલુકાને એક-એક પ્રકરણમાં વણીને કચ્છની સર્વ માહિતી એક નાનકડી પુસ્તિકામાં સચોટ રીતે સમાવવાનો પ્રયાસ કરાયો છે. સામાન્યતઃ મોટા ભાગની માહિતી અન્યત્ર ઉપલબ્ધ હોય છે પરંતુ આ પુસ્તિકામાં તાલુકા મુજબ માહિતી એકત્ર કરીને તેનું કરાયેલ સુંદર સંકલન ધ્યાન માગી છે.

જાન્યુ. ૧૩માં બહાર પડેલ પ્રથમ આવૃત્તિમાં કચ્છનાં ૯ તાલુકાની માહિતી અપાયેલ છે. (હવે ૧૦ તાલુકા થયેલ છે તેની નોંધ છે) દરેક તાલુકાની ભૌગોલિક સ્થિતિ, તાલુકાનાં મુખ્ય શહેરો, જોવાલાયક સ્થળો તથા તેમની અગત્યતા તાલુકાનાં મુખ્ય સ્થળોનાં અંતરની માહિતી, અંદાજિત સ્થાન દર્શાવતો નક્શો વાચકોને પ્રવાસ ગોઠવવા માટે મદદરૂપ થઈ શકે છે.

આ ઉપરાંત કચ્છનાં મુખ્ય શહેરોની માહિતી, કચ્છનાં જોવાલાયક સ્થળોની યાદી, કચ્છમાં પ્રવાસનાં આયોજન માટે જૈન પંચતીર્થીઓ તથા કચ્છનાં એક દિવસીય પ્રવાસ ગોઠવવા અંગેની માહિતી તેમજ વિવિધ જૈન તથા અન્ય સંસ્થાઓનાં ફોન નંબરો ઈત્યાદિ માહિતી પણ અપાયેલ છે.

કચ્છમાં આવનાર પ્રવાસીઓમાંના મોટા ભાગનાં પ્રવાસીઓ પાસે માહિતી ન હોવાને કારણે કચ્છની અસ્મિતાનાં પુરા દર્શન કર્યા વગર પરત ફરે છે. કચ્છમાં આવનાર પ્રવાસીને કચ્છની ઐતિહાસિક વિરાસતો તથા હાલમાં થઈ રહેલ ઔદ્યોગિક વિકાસની ઝાંખી આપતી આ પુસ્તિકા કચ્છમાં આવનારને સાદ પાડીને કહે છે... 'અચો મુંજે દેશ'

આ પુસ્તિકાની કિંમત રૂા. ૫૦ છે. વધુ માહિતી માટે સંપર્ક : 'કચ્છ-અર્પણ', ડી/૬, વલ્લભ વિહાર કોમ્પલેક્ષ, મહાવીર હોલ નજીક, આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯. ફોન : ૦૯૩૭૭૧૨૪૫૮૨, Email : kutcharpan@rediffmail.com

## શ્રી છતી. ક.દ.ઓ. જૈન યુવા મંડળ-રાયપુર

મંડળ દ્વારા તા. ૧૦.૨.૧૩ના શ્રી કુંથુનાથ જિનાલય પરિસરમાં જરૂરતમંદ પરિવારોને પહેરવા યોગ્ય જુના કપડાં સુંદર પેકીંગ કરી લગભગ ૩૦૦ જણાંને વિતરિત કરવામાં આવેલ. આ કાર્ય માટે સહયોગી દાતાઓનું આર્થિક સહયોગ મળ્યો. બધાએ પોતાના ઘરેથી જુનાં કપડાં આપવામાં સહયોગ આપેલ.

સમાજોપયોગી આ કાર્ય માટે મંડળના યુવા કાર્યકરોએ સારી જહેમત ઉઠાવેલ. સમાજના ઉપસ્થિત ભાઈ-બહેનોએ આ કાર્યની અનુમોદના કરી.

શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)

## રાયપુરમાં યોગ શિબીર

શ્રી છતી. ક.દ.ઓ. જૈન યુવા મંડળના ઉપક્રમે તા. ૨૪.૬.૧૩ થઈ ૩.૭.૧૩ સુધી યોગ શિબિર સુશ્રી ગીતા જૈન (યોગ વિશેષજ્ઞ અને પ્રાકૃતિક ચિકિત્સક) મુંબઈના સહયોગ અને માર્ગદર્શનથી યોજવામાં આવશે. વહેલો તે પહેલોના ધોરણે ૧૦૦ એન્ટ્રીઓ લેવામાં આવશે. બધાને લાભ લેવા વિનંતી.

## નલીયામાં નૂતન ઉપાશ્રય ઉદ્‌ઘાટન સંપન્ન

નલીયા તીર્થે માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવાર હ. શ્રી. સમીર નાગડા દ્વારા નિર્મિત નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન તા. ૨૬.૧.૧૩ના શુભમુહુર્તે પૂ.સા. શ્રી કાવ્યગુણાશ્રીજી અને યતિ શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં બહોળી સંઘ હાજરીમાં સાનંદ સંપન્ન થયું.

દાતા પરિવાર તરફથી મુંબઈથી આવવા-જવાની વ્યવસ્થાસહ સંઘ પધારેલ. આ અવસરે અનંત સમર્પણ ગ્રુપના કાર્યકરોએ સુંદર જહેમત લઈ વ્યવસ્થા સંભાળી કાર્યક્રમ સફળ બનાવેલ.

પૂ.અચલગચ્છાધિપતિશ્રી આ.ઠા.એ આ પ્રસંગને આશિર્વાદ પાઠવેલ. નલીયા મહાજનશ્રી શેઠ નરશી નાથા ટ્રસ્ટ અને દેરાસરજીના ટ્રસ્ટબોર્ડે તમામ વ્યવસ્થામાં સુંદર સહયોગ આપેલ.

આ નવનિર્માણમાં વ્યાખ્યાન હોલ, ભક્તિખંડ, સ્ટોરરૂમ, સ્વાધ્યાય ખંડ વગેરે સુવિધાઓ છે. આ પ્રસંગે તીર્થની વિવિધ સંસ્થાઓના મહાનુભાવો દ્વારા તથા સંઘ દ્વારા દાતા પરિવારનું સન્માન કરાયું.

## બાંઢિયામાં અતિથીગૃહ

બાંઢિયા ગામે નૂતન અતિથીગૃહ માટે ભૂમિદાતા માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ મૈશેરી પરિવાર તથા સુવિધા સજ્જ અતિથીગૃહના નિર્માણદાતા મા. વિજયાબેન રતીલાલ લોડાયા પરિવારે લાભ લીધેલ છે. આ નૂતન અતિથીગૃહનું મહાજનશ્રી અર્પણ કાર્યક્રમ તા. ૨૦.૪.૧૩ના છે. જે પ્રસંગે સર્વે ગામવાસીઓ તથા નિયાણીબહેનોને સપરિવાર પધારવા આમંત્રણ છે.

## પૂ. દેવરત્નસાગરજીનું ભદ્રાવતીમાં ભવ્ય સ્વાગત

કર્ણાટકના મલનાડ પ્રદેશમાં ભદ્રાનદીના કાંઠે આવેલ ભદ્રાવતીનગરીમાં પાર્શ્વનાથ જિનાલયના રજત જયંતિ ઉત્સવ પ્રસંગે પધારેલા પ્રવચન પ્રભાવક મુનિ શ્રી દેવરત્નસાગરજી મ.સા. આ.ઠા.નું સંઘ દ્વારા ભવ્ય સામૈયું કરવામાં આવેલ.

તા. ૧૯.૨ થી ૧૩.૨ પંચાન્હિકા મહોત્સવ ઉલ્લાસ ઉમંગે જિનેન્દ્ર ભક્તિ આરાધનાથી ઉજવાયું. પાંચે દિવસ બન્ને સમય સંઘ સાધર્મિક ભક્તિ રહી. વિવિધ સજાવટો દીપક રોશની, ગીત-સંગીત, બેંડ પાર્ટીના સથવારે વિવિધ પૂજન-અનુષ્ઠાન થયા.

પૂ.મુનિ દેવરત્નસાગરજીના પ્રવચનોનું પ્રેરક આકર્ષણ રહ્યું. પૂ.ગુરૂગુણ જન્મ શતાબ્દિ નિમિત્તે પૂજ્યશ્રીની પ્રેરણાએ ૧૦૦ આરાધકોએ વરસીતપની ભાવના રાખી. વરસીતપમાં બિયાસણા કાજે સંઘના ફંડમાં રૂા. ૫૦ લાખ નોંધાવાયા.

જિનાલયની આંગી રૂા. સાડા છ લાખની ઉદ્ધાર ઉછામણીથી ચડાવાઈ, સર્વે સ્ટાફ કર્મચારીઓનું સન્માન કરાયું. પૂજ્યશ્રી રચિત જૈનોલોજી કોર્સ માટે રૂા. સાડા ત્રણ લાખ જાહેર કરાયા. ત્રિદિવસીય જ્વાલામાલિની પીઠ માટે (એન આર પુરમ) સંઘ કાર્યક્રમ જાહેર થયો. પૂજ્યો જ્વાલામાલીની પીઠ દર્શન કરી પદ્માવતીપીઠ હુમ્યા પધારશે તે પછી શ્રવણ બેલગોડા થઈ મૈસુર તરફ આગળ વધશે. પૂ.મુનિશ્રી દેવરક્ષિતસાગરજીએ બાળકોની શિબિર લઈ પૌષધ કરાવ્યા. પૂ.શ્રી. તા. ૧/૩ના શિમોગા પહોંચશે.

## સાંધવ જિનાલય ધ્વજા મહોત્સવ

સાંધવમાં શાંતિનાથ જિનાલય તા. ૨૩.૨.૧૩ના પૂ. મુનિરાજશ્રી કંચનસાગરજીમ.સા. પૂ. મુનિશ્રી ધર્મરત્નસાગરજીમ.સા. મુનિશ્રી અભ્યુદયસાગરજી મ.સા. પૂ. મુનિશ્રી પરમાનંદસાગરજી મ.સા. અને પૂ.સા.શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા. આ.ઠા.૫ ની નિશ્રામાં ધ્વજા મહોત્સવ ઉજવાયો.

તા. ૨૨.૨.૧૩ના રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના થઈ. તા. ૨૩.૨.૧૩ના સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. મુંબઈથી સાંધવવાસીઓ તેમજ બહારગામથી, સાંયરા, વાંકુ અને ગાંધીધામથી સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. અત્રે નુતન ભોજનશાળા મહાજનવાડીનું કામ પુરજોશમાં ચાલુ છે.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

**હાર્દિક વધામણાં...**
આંતરરાષ્ટ્રીય મહિલા દિને જ્ઞાતિની સર્વે બહેનોને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ...
**"તન-મન" પરિવાર**

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ***
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કલ્પેશ એ. દંડ** | ૫૦૬-એ રઘુકુલ, ગુરૂકૃપા હોટેલ પાસે, હાયવે, જામનગર. |
| **ભરત માડણ મૈશેરી** | એ-૧૩, હેમાંગી પેલેસ, પાંડુરંગવાડી, માનપાડા રોડ, ડોંબીવલી(ઈ)-૪૨૧૨૦૧ ફોન : 9967042871 |
| **પ્રફુલ રતીલાલ નાગડા** | બી-૪૨, શ્રીકૃષ્ણ, વીણાનગર, એલબીએસ માર્ગ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦ |
| **જેઠાલાલ ગોવિંદજી સંઘવી** | ૧૭૦૩ કૈલાસ ટાવર્સ, શિવશક્તિ, નાહુર સ્ટેશન સામે, ગોરેગામ-મુલુંડ રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦ ફોન : 9324795592 |
| **મંજુલાબેન સુરેન્દ્ર નાગડા** | બી-૧૩૦૧-૨ લેક અનસેરને, લેક હોમ્સ ફેઝ-૩, શંકરાચાર્ય માર્ગ, પવઈ, મુંબઈ-૪૦૦૦૭૬ |
| **ધર્મેશ એલ. ખોના** | ૧૫-એ, મહેશ્વરધામ, શાસ્ત્રીનગર, કોપર ક્રોસ રોડ, ડોંબીવલી (વે)-૪૨૧૨૦૨ ફોન : 8082228818 |
| **પારસ રતીલાલ શાહ** | ૧૦૨, સાઈદર્શન કોમ્પલેક્ષ, છારવાડા રોડ, અંબિકા સ્ટોર સામે, વાપી-૩૯૬૧૯૧ ફોન : 9227819777 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧.૧૨.૧૨ | મુલુંડ | GEGS060303 | તપન-મયુર ચંદ્રકાંત ગોસર | ગોએરસમા | પુત્ર |
| ૧૯.૧.૧૩ | ડોંબીવલી | KUMT020503 | અનિકા અને આહના-ધીરેન પ્રમોદ મોતા | કુવાપધર | જોડલી કન્યા |
| ૭.૨.૧૩ | થાણા | KRLO020202 | ધ્રુવી-ધ્યાનવીન હરીશ અજાણી | કોઠારા | કન્યા |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯.૧.૧૩ | અમદાવાદ | A | ભાગ્યેશ રાકેશ કુમારપાળ શાહ | | ૨૨ |
| | અમદાવાદ | ARKN010404 | આરૂકા રાજેન્દ્ર દેવજી ખોના | આરીખાણા | ૨૧ |
| ૨૨.૧.૧૩ | દાદર | DADD030404 | જીત કાંતિ વિશનજી દંડ | દલતુંગી | ૨૯ |
| | ચંદીગઢ | A | સ્વાતી સુનિલ જસ્સલ | ચંદીગઢ | ૨૭ |
| ૧૨.૨.૧૩ | મુલુંડ | A | પ્રતિક શૈલેન્દ્ર શાહ | ઘોઘા | ૨૭ |
| | ભાંડુપ | SPCD070204 | તોરલ હંસકુમાર લક્ષ્મીચંદ છેડા | સુજાપુર | ૨૭ |
| ૨૪.૨.૧૩ | હુબલી | A | સારંગ મુકેશ વીશનજી ઠક્કર (ગણાત્રા) | કુંભારીયા | ૨૬ |
| | ઘાટકોપર | LLMA031104 | અમી જીતેન્દ્ર હીરાચંદ મૈશેરી | લાલા | ૨૪ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫.૨.૧૩ | ઘાટકોપર | A | સાગર દિલીપ પ્રેમજી સંઘવી | મુંદ્રા | ૨૮ |
| | ઘાટકોપર | JKMA011304 | નિયતી હરીશ માણેકજી મહેશ્વરી | જખૌ | ૨૭ |
| ૧૭.૨.૧૩ | ઘાટકોપર | JKMA011404 | હર્ષ બિપીન માણેકજી મહેશ્વરી | જખૌ | ૨૫ |
| | ઘાટકોપર | A | અંકિતા મિલાપચંદજી મહેતા | | ૨૪ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬.૧૧.૧૨ | ગાંધીધામ | JSDH03703 | મયુર ગુલાબ વાલજી ધરમશી | જસાપર | ૨૫ |
| | સોનગઢ | NLKN13205 | અંજલ કુલીનકાંત હીરાચંદ ખોના | નલિયા | ૨૪ |
| ૨૮.૧.૧૩ | દહીંસર | RAKN010703 | પ્રિતેશ કાંતિલાલ ખોના | રંગપુર | ૨૬ |
| | કોલકત્તા | A | રાજશ્રી શિશિરકુમાર જના | કોલકત્તા | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧.૨.૧૩ | અંજાર | BYGS030101 | કલ્યાણજી નેણશી મુલજી ગોસર | બાયઠ | ૮૩ |
| ૧૨.૨.૧૩ | સેંધવા | BRMO060201 | ચીમનલાલ દામજી કાનજી મોમાયા | બારોઈ | ૭૪ |
| ૨૨.૨.૧૩ | ડોંબીવલી | SUMT120202 | સ્મિતા મુકેશ લક્ષ્મીચંદ મોતા | સુથરી | ૪૩ |
| ૨૫.૨.૧૩ | ગાંધીધામ | TRMT120202 | મધુબેન નીતીન નરશી મોતા | તેરા | ૫૧ |
| ૨૩.૨.૧૩ | મુલુંડ | MJGL010101 | કસ્તુરબાઈ વેલજી ડુંગરશી ગાલા | મંજલ | ૭૯ |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

# તે.કુ.લા.ધુ. જૈન યુવક સંઘ-મુંબઈ યોજીત
# ૨૯મા સ્નેહમિલનની ઝલક તા. ૬.૧.૧૩-ભાંડુપ



મંચસ્થ કલ્પેશ લોડાયા, દીપક સાયલા,
શાંતિલાલ લોડાયા, નરેન્દ્ર ખોના તથા અનિલ ખોના



સરસ્વતી સન્માન કરતા શ્રી નરેન્દ્ર ખોના



બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ



ફુલોની સુગંધમાં મસ્ત બાલિકાઓ



સમોવશરણની રચના કરતી બહેનો



લોકનૃત્ય કરતી બહેનો



બેડાં નૃત્ય કરતી બહેનો



પાર્થ અનિલ શાહ દ્વારો સોલો ડાન્સ



સોલોડાન્સ કરતી બાલિકા



પૂ.સા. હંસાવલીશ્રીજી મ.સા.ના ચાતુર્માસે
પધારવા નૃત્યનાટિકા દ્વારા અપીલ



તેકુલાધુ સંઘ તરફથી ચાતુર્માસે પધારવા અપીલ



ખુશખુશાલ મુદ્રામાં તેકુલાધુ સંઘના કાર્યકર્તાઓ



સાંસ્કૃતિક કાર્યક્રમ માણતા ગામવાસીઓ



ગામવાસીઓ દ્વારા રાષ્ટ્રગીત સન્માન



રાસગરબા રમતી બહેનો

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૧૪.૨.૧૯૪૦

સ્વર્ગવાસ
તા. ૧.૨.૨૦૧૩

**ગં.સ્વ. લીલાવતી મહેન્દ્ર નાગડા** (નલીઆ-અંકલેશ્વર)

પ્રિય ભાભી,
તેં મને એકાવન વરસ સાથ આપી, ભાઈને ચાર વરસ થયાને તું પણ સ્વર્ગે સિધાવી, તારી યાદ કાયમ મારા અંતરમાં રહેશે

**બાઈ મહાલક્ષ્મી લક્ષ્મીચંદ લોડાયા • નવલબાઈ વીરચંદ દંડ**

વાત્સલ્યમયી 'મા' ને ચરણે...
મા એટલે....

એકાક્ષરી મહામંત્ર, પૃથ્વીલોકનું અમૃત, ઝરણાંની નિર્મળતા, હરણાંની નિર્દોષતા
વાત્સલ્યની દેવી, સુસંસ્કારોની પ્રેરિકા, વડલાની છાયા, ભક્તિની માયા

સુપુત્રો : મનોજ • કાર્તિક • કપિલ ❊ પુત્રવધુઓ : પ્રીતી • પ્રતિમા • નીતા

સુપુત્રીઓ : ભવ્યા ધર્મેશ મોમાયા (સુથરી) • સરિતા જયેશ દંડ (લાલા)

પૌત્રો-પૌત્રીઓ : મુદ્રા, હર્ષિત, અક્ષીતા, કલ્પીત, નૈતિક • દોહીત્ર-દોહીત્રી : કોનિકા, હિતાંશ, પાર્શ્વ

**પિયર પક્ષ**

**સ્વ. માતુશ્રી મીઠીબાઈ રાયચંદ મૈશેરી પરિવાર (માંડવી)**

ભાઈ : સ્વ. ચંદ્રકાંત રાયચંદ મૈશેરી • ભાભી : ગં.સ્વ. મણીબાઈ ચંદ્રકાંત મૈશેરી
ભાઈ : હીરાચંદ રાયચંદ મૈશેરી • ભાભી : મધુરીબાઈ હીરાચંદ મૈશેરી
બેન : મંજુલાબાઈ ધનજી ધરમશી (કોઠારા) • બેન : નિરૂબાઈ દિનેશ ધરમશી (કોઠારા)
સ્વ. નિનાબેન રાયચંદ મૈશેરી

## ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ : ૨૫.૧૦.૧૯૪૦
સ્વર્ગવાસ : ૧૫.૮.૨૦૧૧

જન્મ : ૧૫.૫.૧૯૩૦
સ્વર્ગવાસ ૨૫.૨.૨૦૦૫

**પૂ. માતુશ્રી સોનબાઈ સોમચંદ લોડાયા** **પૂ. પિતાશ્રી સોમચંદ કાનજી લોડાયા**
(નાનીખાવડી-આકોલા)

હૃદય અમારું રડી પડે છે, જોઈ તસ્વીર આપની, હૈયું માનવા તૈયાર નથી, કે હયાતી નથી આપની, હૃદયમાં વાસ તમારી, ક્ષણ ક્ષણ પણ ભુલાતી નથી, શ્રધ્ધાંજલી આપતા શબ્દો ખુટે છે, અંજલી આપતા હૈયું તુટે છે, વારંવાર યાદ આવે છે આપની મીઠી તસ્વીર, આપની યાદ ક્યારે પણ ભુલાય તેમ નથી.

* શ્રધ્ધાંજલિ સુમન *

| | |
|---|---|
| પુત્ર-પુત્રવધુ | : અ.સૌ. ઉર્મીલા પ્રફુલ લોડાયા • અ.સૌ. ચંદ્રિકા રાજેન્દ્ર લોડાયા<br>અ.સૌ. નીતા ધર્મેન્દ્ર લોડાયા • અ.સૌ. ઈલા અનિલ લોડાયા |
| પુત્રી-જમાઈ | : અ.સૌ. હેમલતા જયંતીલાલ દામજી ધુલ્લા • અ.સૌ. પ્રતિક્ષા દિલીપ પાશ્વીર ડાઘા |
| પૌત્ર | : રોનક, ભાવીન, રીતેશ, વંશ, અંશ |
| પૌત્રી | : અ.સૌ. મોનીકા દર્પણ નેમચંદ દંડ, શ્વેતા ધર્મેન્દ્ર લોડાયા, ખુશ્બુ ધર્મેન્દ્ર લોડાયા |
| દોહીત્રાવહુ-દોહીત્ર | : અ.સૌ. દિપા યોગેશ ધુલ્લા • અ.સૌ. હેમલ ઉમેશ ધુલ્લા |
| પરદોહિત્રી | : ચિ. ખુશી યોગેશ ધુલ્લા • ચિ. ઈશા ઉમેશ ધુલ્લા |

**શા. કાનજી મુલજી લોડાયા સહપરિવાર • શા. રામજી મેઘજી ધરમશી સહપરિવાર**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**